ગુણસદા ગામના ચચરબુંદા ફળીયાનો ઉકાઇ
પોલીસ સ્ટેશન હેઠળ સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: **ટીટીસી/૧૦૨૦૦૭/૧૨૫૩/વ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 0 6 APR 2015

વંચાણે લીધો:

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીનો તા. ૪/૮/૧૪નો પત્ર ક્રમાંક: ઇ-૨/૧૫૩૬/ફેરફાર/૧૬૮૧/૨૦૧૪.

ઠ રા વ:

તાપી જિલ્લાના ઉચ્છલ પોલીસ સ્ટેશન હેઠળના ગુણસદા ગામના ચચરબુંદા ફળીયાને ઉકાઇ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળ નીચેના કારણોસર તબદીલ કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય દ્વારા વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી:-

(અ) ગુણસદા ગ્રામ પંચાયત (ચચરબુંદા ફળીયા સહિત) રેવન્યુ રાહે સોનગઢ તાલુકામાં આવેલ છે.

(બ) ગુણસદા ગામ ઉકાઇ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળ છે જ્યારે તેનું ‘ચચરબુંદા ફળીયુ’ ઉચ્છલ પોલીસ સ્ટેશન હેઠળ સમાવિષ્ટ છે.

(ક) ‘ચચરબુંદા ફળીયુ’ થી ઉચ્છલ પોલીસ સ્ટેશન ૨૦ કિ.મી.ના અંતરે છે જ્યારે ઉકાઇ પોલીસ સ્ટેશનથી ફક્ત ૫ કિ.મી.ના અંતરે છે.

(ડ) જે તે વખતે કોઇ કારણસર ચચરબુંદા ફળીયાની પોલીસ કામગીરી ઉચ્છલ તાલુકાના ઉચ્છલ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળ મુકવામાં આવેલ છે, જે કારણસર ચચરબુંદા ફળીયાના લોકોને પોલીસ કાર્યવાહી માટે તેઓના રહેઠાણના સ્થળેથી ૨૦ કિ.મી. દૂર ઉચ્છલ પો.સ્ટે. જવુ પડતુ હોય, સમય, શક્તિ અને નાણાનો દુર્વ્યય થાય છે.

**(P.T.O.)**

૨.	પોલીસ મહાનિદેશક અને મુખ્ય  પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા રજૂ કરવામાં આવેલ ઉક્ત દરખાસ્ત તેમજ સામાન્ય જનતાને અગવડ ન પડે તે માટે સક્રિય વિચારણાને અંતે 'ચચરબુંદા ફળીયુ'ને ઉચ્છલ પોલીસ સ્ટેશન હેઠળથી બદલી ઉકાઇ પોલીસ સ્ટેશન હેઠળ સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩.	'ચચરબુંદા ફળીયુ'ને ઉચ્છલ પોલીસ સ્ટેશન હેઠળથી બદલી ઉકાઇ પોલીસ સ્ટેશન હેઠળ સમાવેશ કરવા માટે કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય ,ગાંધીનગર તથા પોલીસ અધિક્ષક, તાપીએ  હાથ ધરવાની રહેશે.

૪.	આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર અ.મુ.સચિવશ્રી(ગૃહ)ની તા.૩૦-૯-૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
ઉપ સચિવ,
ગૃહ  વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ.
- પોલીસ અધિક્ષકશ્રી તાપી.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તાપી-વ્યારા.
- સિલેક્ટ ફાઇલ.